

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*મંદિર બંધ છે! જૂઓ શું છો? રેલીમાં જોડાઈ જાવ!*
*પ્રચાર-સભામાં ભાડૂતી ભીડ બની ખોડાઈ જાવ!*
*ભોળવાઈ જાવ, આંકડાની માયાવી ઈન્દ્રજાળમાં -*
*ઈલાજ વિના, છોડો શ્વાસ, હયાતીથી ખોવાઈ જાવ!*
*(સાધનો માટે હવે સરકારના હવાતીયાં*

### હાઈકુ

*થાય દર્શન -*
*- તમે પણ લ્યો લાભ!!*
*કપાવી નાક...*
*(અસરકારક રસી!!)*

*પથારીમાં જ*
*થઈ જાય ઈલાજ!!*
*'શોર્ટ - સર્કીટ'...*
*(નિમ્ન સ્તરના સાધનો)*

### ચિંતન

**અન્યાયોપાર્જિતં વિત્તં દશવર્ષાણિ તિષ્ઠતિ ।**
**પ્રાપ્તે ચૈકાદશે વર્ષે સમૂલં તદ્ વિનશ્યતિ ॥**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**લક્ષ્મી ચંચળ હોય છે, પરંતુ ચોરી, જુગાર, અન્યા અને દગો આપીને કમાયેલું ધન પણ સ્થિર નથી રહેતું, તે બહુ જલ્દી નષ્ઠ થઈ જાય છે. આને માટે ચાણક્ય એ સીમા નક્કી કરી દીધી છે. તેઓ કહે છે કે અન્યાય દગો અથવા અપ્રમાણિકતાથી જોડેલું, કમાયેલું ધન વધુમાં વધુ દસ વર્ષ સુધી રહે છે. અગિયારમે વર્ષે તે વધેલું ધન મૂળની સાથે નષ્ઠ પામે છે. આથે વ્યક્તિએ કયારેક અન્યાય દ્વારા ધન કમાવવામાં પ્રવૃત્ત ન રહેવું જોઈએ.**

**અન્યાય, દગો, અનીતિ અને જુગારથી કમાયેલું ધન માત્ર દસ વર્ષ સુધી રહે છે પછી મૂળ સહિત બધું ધન નષ્ઠ થઈ વ્યક્તિ ધનોત-પનોત થઈ જાય છે, પ્રધાનશ્રીઓ, સચિવશ્રીઓએ જાગૃત રહેવા જેવું છે છેલ્લું જાણીતું ઉદાહરણ પીએસઆઈ વાઝેનું જ જોઈ લ્યો ને !!**

### સુવિચાર

- હળવા થાવ તો તરી જશો, ઓગળી જાવ તો ભળી જશો - **જીવન પાથેય**
- સફળથા માટે તો સંઘર્ષ જ જોઈએ, કિસ્મત તો સટ્ટો રમવામાં કામ આવે - **ફુલછાબ**
- સફળ માણસની ટીકા નિષ્ફળ માણસોનો ફેવરીટ ટાઈમપાસ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અંતરે રહેવા છતાં, અંતરમાં મહેંકતો રહે તેનું નામ જ સંબંધ - **મનન રાવલ**
- જેની સેવા કરો તેને ભગવાનથી ભિન્ન ન સમજો - **બોધિવૃક્ષ**
- જે અંદરથી હળવા હોય તે જ બહારથી મળવા જેવા હોય છે - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : તલના તેલમાં ખડી સાકર મેળવી ખાવાથી ફલુમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક સૂફી સંત રોજિંદી જીંદગીમાં બનતા બનાવો ને ઉદાહરણ તરીકે લઈને લોકોની સમસ્યાઓનું સમાધાન કરતા. એક વખત તેઓ શાહી સ્મશાનમાંથી પસાર થઈ રહ્યા હતા. એમના પગમાં એક ખોપરીની ઠોકર વાગી. તેમણે ખોપરી હાથમાં લઈને એની વારંવાર ક્ષમા યાચના કરવા લાગ્યા. એટલું જ નહીં એ ખોપરીને ઘરે લઈ ખૂણામાં મૂકી એને નમન કરી માફી માંગતા. એમને મળવા આવેલ લોકોએ સંતની આવી વિચિત્ર હરકત જોઈ પૂછ્યું. 'મહાત્મા, તમે આવું પાગલ જેવું વર્તન શા માટે કરો છો? ખોપરીની માફી માગવીથી શું ફાયદો?' સંતે કહ્યું, 'આ ખોપરી કોઈ મોટા સમ્રાટની છે. આજે જે જીવતા હોત તો મને ભારે સજા કરી હોત. પોતાના શાસન દરમિયાન તો આ સમ્રાટે કેટલાયે લોકોની મોતની સજા ફટકારી હસે. જો કે એ વખતે એમણે કલ્પના પણ નહીં કરી હોય કે એક દિવસ એમની ખોપરી સ્મશામાં આમ લોકોના પગની ઠોકર ખાતી હશે. અને છતાં તેઓ કંઈ કરી શકશે નહીં. અહંકારના તોરમાં જેનાથી કોઈ બચી શકતું થી એ મૃત્યુની વાસ્તવિકતાને એ ભૂલી ગયા હયા એટલે એમની ખોપરીને સામે રાખીને હું આ સત્યને ભૂલવા માગતો નથી.' સાર એ કે મૃત્યુ એ અફર સત્ય છે. અહમને એક બાજુએ રાખી આપસમાં સ્નેહ દાખવીને રોજિંદા જીવનમાં નમ્રતાને સ્થાન આપવું જોઈએ. જેથી જીવનમાં શાંતિ મળે અને મૃત્યુ પછી પણ સમ્માન મળે.

# બેડ, દવા, રસી અને ઓક્સિજન વગર હાંફતો દેશ

**તંત્રીસ્થાનેથી...**

આંતરરાષ્ટ્રીય સંબંધો સાચવવામાં આપણો દેશ હંમેશાં 'ઉતાવળો' રહ્યો છે. કોરોનાના પ્રથમ દોર દરમિયાન જયારે મેલેરિયા માટે વપરાતી હાઈડ્રોક્સી કલોરોક્વીનની વૈશ્વિક માંગ ઊભી થઈ અને અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પાસે એનો એક મોટો જથ્થો મોકલવાની દરખાસ્ત મૂકી ત્યારે આ દવા દેશ બહાર મોકલવાના પ્રતિબંધને તત્કાલ હટાવી દઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના મહાન મિત્રને રાજી કરી દીધા હતા. ટ્રમ્પ તો એમના સ્વભાવ મુજબ રીતસરની ધમકીની ભાષા ઉચ્ચારી હતી. વાણિયામૂછ નીચી રાખીન મોદીએ તાબડતોબ એમને હાઈડ્રોક્સીકોલોરોક્વીનનો જથ્થો મોકલી આપ્યો હતો. એ જ અમેરિકા આજે ભારતને વેક્સીનનો કાચો માલ પૂરો પાડવાની ધરાર ના પાડી દે છે. એને માટે અમેરિકાના લોકો વધુ મહત્ત્વનાં છે. ભારત વિશ્વનું 'ફાર્મા-હબ' છે. એટલે જાણે દુનિયાની ચિંતા એને જ કરવાની હોય - એવી ઉદાત્ત વિચારધારા કયારેક કેવી કનડે અને નડે એવું ઉદાહરણ આજકાલ ભારતને પડી રહેલ કોરોના વેક્સીનની 'શૉર્ટેજ'માં પ્રતિબિંબિત થાય છે. ઉદારતાપૂર્વક બે અબજ જેટલા ભારતીય વેક્સીનના ડોઝની પાડોશી દેશોને અને બ્રાઝિલ જેવા રાષ્ટ્રને લહાણી કર્યા પછી આજે ભારતમાં જ વેકસીનેશનની ગતિ ગોકળગાયને અનુસરે છે. હિસાબ મૂકનારા તો કહે છે કે જે ઈ જ ગતિએ વેકસીનનેશન ચાલતું રહ્યું તો આઠ વર્ષે ભારતની કુલ વસતિનું કવરેજ થઈ રહેશે. 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો -' જેવો તાલ થયો છે. કોરોનાના બીજા દોરનું નિયંત્રણ કરવામાં સરકાર દરેક મોરચે નિષ્ફળ રહી છે. રાજયો પર નિર્ણય છોડી દઈ દેશવ્યાપી લોકડાઉનને બદલે આંશિક લોકડાઉન જેવા અધકચરા ઉપાયો અજમાવાઈ રહ્યા છે, જેનું કાંઈ જ પરિણામ જોવા મળતું નથી. સૌથી મોટી સમસ્યા હોસ્પિટલોમાં ખૂટી ગયેલ બેડ અને ઓક્સીજન સપ્લાયની છે. દરદીઓ એમ્બુલન્સમાં પડ્યા પડ્યા છેલ્લા શ્વાસ ગણી રહ્યા છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવી માનસિકતાને કારણે ઠેકઠેકાણે નવી કોવિડ હોસ્પિટલો ફૂટી રહી છે. દરેક ડૉકટરને કોવિડ સારવારની છૂટ અપાતાં કોવિડના કેટલા દરદીઓ આવી રહ્યા છે. એનો સાચો આંકડો કયારેય બહાર આવવાનો નથી. સૌથી ખરાબ સ્થિતિ તો એ છે કે કોવિડનાં શહેરી થાણાં જેટલાં જ હવે ગામડાં પણ કોવિડગ્રસ્ત બની ગયાં છે. રસીકરણ એ જ એક માત્ર ઉપાય બચ્યો છે, એવું તજજ્ઞો, તંત્રવાહકો અને સરકાર સ્વીકારે છે. પરંતુ પ્રજા નો બહુ મોટો ભાગ રસીકરણ મુદ્દે શંકાશીલ અભિગમ ધરાવે છે. શ્રમિક વર્ગ રસીકરણ માટે આગળ આવતાં ગભરાય છે. ઓક્સિજન પ્લાન્ટ જર્મનીથી દેશમાં લઈ આવવા માટેના કે એક રાજયમાંથી બીજા રાજયમાં ઓક્સિજન જથ્થો એરલિફ્ટ કરવાના પ્રયાસો જરૂર આવકારદાયક છે. જો કે ઘણું મોડું જરૂર થઈ ગયું છે, પણ છેલ્લે છેલ્લે પશ્ચિમ બંગાળ જીતી લેવૌાની ગોલાલડાઈમાં વ્યસ્ત નેતાઓએ રેલીઓ રદ કરીને કોરોના ગ્રસ્ત રાષ્ટ્ર તરફ ધ્યાન આપવા માંડ્યું છે. આશા રાખીએ કે એથી કંઈ સારું પરિણામ મળે. મહારાષ્ટ્રની હરિફાઈમાં હરિફાઈમાં ઊતર્યું હોય એમ દેશનું સૌથી મોટું રાજય ઉત્તરપ્રદેશ હવે કોરોનાગ્રસ્ત થયું છે. છેક માઉન્ટ એવરેસ્ટ સુધી કોરોનાનું સામ્રાજય વિસ્તર્યું છે. દેશ આખરે તો ભગવાન જ બચાવશે તો બચશે ! બધું જ રામભરોસે ચાલી રહ્યું છે!

# કોઈના પર દોષારોપણ કરવાનો આ સમય નથી



**આરપાર**

રાઘવજી માધડ

પ્રભાતના પ્રથમ કિરણનું પ્રાગટ્ય થતા જ ચોતરફ નવોન્મેષ સંચાર થાય છે. તન-મનમાં નવી ચેતનાનો આવિષ્કાર થાય છે. સૃષ્ટિના સર્જનકર્તાનો અનાયસે આભાર માનવાનું મન થઈ આવે છે, કારણ કે જીવનરૂપી મોબાઈલમાં ચોવીશ કલાકનું બેલેન્સ કરી આપ્યું...પણ છેલ્લા ઘણાં દિવસોથી આવું થાતું નથી. કોરોનાના લીધે ઊંઘ વહેલી ઉડી જાય છે. મોબાઈલ હાથમાં લઈ વ્હોટ્સએપ ખોલતા જ પેટમાં પામી ન શકાય એવી ફાળ પડે છે.કારણકે તેમાં કેટલાંય સ્વજનોએ વિદાય લીધાના સમાચાર હોય.જેમની સાથે અંતરંગ મિત્ર હોય લાગણીની લેણદેણ હોય.ગણતરીના દિવસો પહેલા જેમની સાથે સંવાદ થયો હોય !

કોઈની આકસ્મિક વિદાયથી કાળજું ચિરાઈ જાય છે, થાય કે છે ખમૈયા કરો નાથ હવે બહુ થયું !

એક શાયર કહ્યું છે:જયારે ચાહનારા ઝુલ્મો કરી જવાના ત્યારે જિંદગીના દિવસો ફરી જવાના ...પણ ચાહનારા એકબાજુ રહ્યા આજેતો કરાફાટ કાળમુખા કોરોનાના કારમા કહેરથી માણસની જિંદગીના દિવસો ફરી રહ્યા છે.સઘળું જનજીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે.માણસ જીવ બચાવવા રઘવાયો થઈને ફરે છે.જરૂરી સારવાર અર્થે ચારેબાજુ લાઈનો લાગી છે,વારો આવતા સુધીમાં તે અદ્ધમૂઓ થઈ જાય છે.થાય કે, જાયેતો જાયે કહાં ! કારણ કે દરેક માણસને જીવવું છે અને મરવાનું ન આવે ત્યાં સુધી જીવવાનું જ હોય છે !

હવે તો કોરોનાએ લેખકોની કલમમાં પણ કસ રહેવા દીધો નથી.કોરોનાથી સંક્રમિત ન થવાના ઉપાય અને તેની, સાવચેતીના લેખો લખનારા પણ કોરોના સામે મહાયુદ્ધ લડી રહ્યા છે.કોરોના મીંઢો થઈને લુચ્ચું હસી રહ્યો છે.તેણે કોઈ સાચા-ખોટી સલાહને પણ કારગત નીવડે એવી સ્થિતિમાં રહેવા દીધી નથી. જોકે આજકાલ વોટ્સએપ યુનિવર્સિટીના તજ્ઞા પરથી જાતભાતના નુસ્ખાઓ બેરોકટોક સોશ્યલ મીડિયા પર ફરે છે...પણ એમાં નીવડેલા નુસ્ખાઓ કેટલા ?એ પણ સળગતો સવાલ છે.એક શેઠને આંખે આંજણી થઈ.સલાહો મુજબ સાર વાર થતી રહી..ને પરિણામે આંખ ગઈ ને માત્ર આંજણી જ રહી ! ખતરા-અખતરા માં આવું બને.કોઈ એવા વૈજ્ઞાનિક તથ્ય કે અભિગમ વગર સઘળું નિરર્થક સમજવું રહ્યું.માણસ રઘવાયો થયો છે.શું કરવું તે સૂઝતું નથી.હિમંત હારી જાય એવી કફોડી સ્થિતિમાં મુકાયો છે. હા,આજે ન્યુઝ એવું કહે છે, મે માસમાં સંક્રમણ ઓછું થશે..સાચા-ખોટું જે હોય તે પણ આવું આશ્વાસન લેવામાં શું ખોટું છે !

આપણી મધ્યકાલીન સંત પરંપરામાં દેવાયત પંડિત થઈ ગયા. તેમણે આગમવાણી ભાખી હતી : ગાયનાં એક શિંગડાં પર વરસાદ હશે ને બીજું કોરું હશે, વગર દોરડે વાતો થશે ને દીવા બળશે... આવું ઘણું બધું આજે એકવીસમી સદીમાં વિકસતા વિજ્ઞાન વચ્ચે પુરવાર થઈ રહ્યું છે.આ કોરોના પણ આગમવાણી ભાખી રહ્યો છે:મરતા માણસનું મોં જોવા નહીં મળે.માણસને જીવાડવા કરતા બાળવા,અંતિમવિધિની સમ સ્યા ભારે વિકટ બનશે. માણસના મોતનો મલાજો મરી પરવારશે... સ્વજન ગુમાવ્યા કરતા,કલાકોની કનડ ગત પછી લાશથી મુક્ત થયાની મોકળાશ માણશે ! આવું તો હૃદયદ્રાવક કેટકેટલું થશે, થઈ રહ્યું છે.

કોરોના કોઈના કાબૂમાં નથી. ટપોટપ વ્યક્તિઓ વ્યક્તિથી વંચિત થતી જાય છે. આ જરાય નૈરાશ્ય ભાવ નથી. નકરી ને નઘરોળ વાસ્તવિકતા છે. કશું કોઈના હાથમાં કે સાથમાં નથી તો હવે આપણે આપણા કાબૂમાં રહેવું પડશે.આ કપરા કાળના લીધે માણસના વાણી, વર્તન, વ્યવહારમાં જબરદસ્ત બદલાવ આવી રહ્યો છે. તેને સહજતાથી સ્વીકારવું પડશે.લાગણીને મૂલ્યોના માપદંડો બદલાય રહ્યા છે.ધંધા-રોજગાર પર બહુ મોટીને માઠી અસર થઈ રહી છે.જ્યાં માણસને મમ મમનાં ફાંકા હોય ત્યાં કઈ ફિલસુફી ખપ આવે ! કોઈના પર દોષારોપણ કરવા કરતા જે છેતે આ છે.ઓછામાં ઓછું દુ:ખી થવું હોય તો જે છે સ્વીકારવું રહ્યું.

**છેલ્લે :**

આત્માની મુક્તિ માટે ભગવાન મહાવીરે ચાર વસ્તુ જરૂરી ગણાવી હતી : સમ્યક દર્શન,સમ્યક જ્ઞાન, સમ્યક ચરિત્ર અને હાર્દ સમા પાંચ વ્રત - અહિંસા, સત્ય, અસ્તેય,બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

**(મહાવીર જયંતી)**

# લોકો માત્ર કોરોનાથી જ નહી : મોંઘવારીથી પણ મરે છે



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા એક વર્ષથી કોરોના મહામારી આખી દુનિયાને માનસિક અને શારીરિક પીડા આપી રહી છે. ત્યારે હવે તમામ સ્તરના લોકોને આર્થિક પીડા સહન કરવાની પરિસ્થિતિ પણ ઊભી થઈ છે. આપણે જાણીએ છીએ કે કોરોના વાયરસ આમ જોઈએ તો એટલો બધો જીવલેણ નથી. એની યોગ્ય સમયે યોગ્ય સારવાર ઘેર કરવામાં આવે તો પણ દર્દી ઠીક થઈ જાય છે. અને ૯૮ ટકા ઉપર આમ બન્યું છે. પરંતુ હવે લાગે છે કે આ ટકાવારી ઘટશે. કેમ કે એક સર્વે મુજબ કોરોના વાયરસના પીએચ.૫.૫ થી ૮.૫ સુધી અલગ અલગ હોય છે. એટલે આ વાયરસને મારવા માટે અમ્લતા (ખટાશ) ના સ્તરથી વધુ ક્ષારીય ખાદ્યપદાર્થોનું સેવન કરવું જરૂરી છે. જેવા કે લીલુ લીંબુ – ૯.૯, પીળું લીંબુ-૮.૨, લસણ-૧૩.૨, કેરી-૮.૭, અનાનસ-૧૨.૭, સંતરા-૯.૨, વૉટરક્રેસ-૨૨.૭,પીએચ. ધરાવે છે આવા ફળો ખાવાથી કોરોના વાયરસને હરાવી શકાય છે. ગરમપાણી સાથે લીંબુ પીવાથી વાયરસ ગળામાંથી ફેફસા સુધી પહોંચતા પહેલા જ ખત્મ થઈ જાય છે. આ બધા ફળો માર્કેટમાં ખૂબ મળે છે. પરંતુ એના ભાવ સાતમા આસમાને પહોંચી ગયા છે.

આજે કોરોનાની કોઈ વાત નથી કરવી. પરંતુ કોરોનાને કારણે આપણા જ સમાજનું જે વરવું રૂપ આપણી સામે આવી રહ્યું છે તેની થોડી વાત કરવી છે. સરકારે પણ આ વાતને ધ્યાનમાં લઈને પગલા ભરવાની જરૂર છે. સૌ પ્રથમ આ એક સામાન્ય બિમારી છે. કોરોનાની હજી સુધી કોઈ દવા નથી. તો પછી ડોકટરો હાઈ ડોઝની દવાઓ કેવી રીતે આપે છે ? મધ્યમ વર્ગનો, ગરીબ માણસ પાંચ દસ હજારની દવાઓ ક્યાંથી લઈ શકે ? ખાનગી હોસ્પિટલોના લાખો રૂપિયાના બીલ કેવી રીતે ભરી શકે ? આજે ચારે તરફ કોરોનાના ડરને કારણે લોકોમાં અફડાતફડી છે. બધી હોસ્પિટલો ફૂલ છે. ઓક્સિજન, ઈન્જેક્શનના કાળાબજાર થાય છે. ટેસ્ટીંગ કીટ્સ પણ ખાનગી રીતે અનેકગણા ભાવે વેચાઈ રહી છે. દર્દી હોસ્પિટલમાં દાખલ થયા પછી તેમના બીલની રકમ સાંભળીને જ ઘણા દર્દી આઘાતમાં જ.... અથવા કહો કે પ્રાઈવેટ હોસ્પિટલોમાં અમીર લોકોની સારી રીતે ટ્રીટમેન્ટ થાય છે. કેમ કે તેમને બીલની રકમ માટે કોઈ પ્રોબ્લેમ નથી. અને સરકારી હોસ્પિટલોમાં ગરીબ કે મધ્યમવર્ગ સિવાય જવા કોઈ તૈયાર નથી. અને હવે તો ત્યા પણ જગ્યાના પ્રશ્નો છે. ટૂંકમાં આપણું સરકારી આરોગ્યતંત્ર તો વ્યવસ્થિતિ કામ કરે છે પણ પ્રાઈવેટ આરોગ્યતંત્રએ કોરોનાને વેપાર બનાવી દીધો છે. રૂ/-૯૦૦ની ઓક્સિજન કીટ ૨૪૦૦માં મળે, રૂ/-૫૦૦નું ઓક્સિમીટર બે હજારમાં મળે. આ ઉપરના વધારાના રૂપિયાની જે લૂંટ ચલાવાય રહી છે તે પૈસાદાર અમીર લોકોને તો કોઈ પ્રોબ્લેમ નથી પણ મધ્યમવર્ગના, ગરીબ લોકોનું શું ? એ બિચારા આવી મહામારીમાં પણ ઘર ખર્ચના બે છેડા ભેગા કરવા દિન રાત મહેનત મજૂરી કરીને એક એક રૂપિયો બચાવી બચાવીને ભેગો કરે છે તે આવી એકાદ બીમારીમાં જ ખર્ચાઈ જાય છે. આ વ્યવસ્થા ઉપર થોડા નિયંત્રણો જરૂરી છે.

બીજી સૌથી મહત્વની વાત બજારમાં મળતા ફળ ફ્રૂટ્સની છે. આજે બજારમાં જે સંતરા/નારંગી / મોસંબી ૨૦/૩૦ રૂપિયે કિલો મળતા હતા તે આજે ૧૫૦/૨૦૦ રુપિયે કિલો મળે છે. જે લીલું નાળિયેર ૨૦ રૂપિયાનું હતું તે આજે સો રૂપિયામાં મળે છે, જે લીંબું ૪૦ના કિલો હતા તે આજે ૧૫૦થી ૧૮૦ના કિલો મળે છે. હવે આ દરેક ફળ ફ્રૂટ્સનો આટલો ભાવવધારો કોણ સહન કરી શકે ? માની લઈએ કે તેઓ પણ મહેનત કરે છે તો કમાય પણ વીસ રૂપિયાના સીધા જ સો/દોઢ સો રૂપિયા થઈ જાય એ ક્યાનો ન્યાય ? જે મધ્યમ વર્ગનો ગરીબ માણસ છે. જેને આવી કપરી પરિસ્થિતિમાં ય નોકરી ધંધે મજૂરીએ ઘરની બહાર નીકળવું પડે છે. અને બહારથી કોરોના લઈને પોતે ને પછી પરિવારના સદસ્યો સંક્રમિત થાય છે. તેની સ્થિતિ કેવી કરૂણ બને છે એ તો એમના ઘરની મુલાકાત લઈએ તો જ અનુભવી શકાય, આજે એક એક ઘરમાં બે ત્રણ ખાટલા કોરોનાના છે. નથી તેઓ હોસ્પિટલમાં દાખલ થઈ શકતા, નથી ઓક્સિજનની વ્યવસ્થા કરી શકતા, નથી તેઓ બસો રૂપિયે કિલો મોસંબી / નારંગી લઈ શકતા કે નથી સો રૂપિયાનું એક લીલું નાળિયેર પી શકતા. તેઓ માત્ર ભગવાનને ભરોસે જીવે છે. બે ચાર દિવસ લીંબું ગરમ પાણી પીને, હળદરવાળું દુધ પીને કોરોના સામે જંગ લડે છે. જો જીત્યા તો ઈશ્વરનો આભાર નહીતર સરકારી મૃત્યુઆંકમાં વધારો કરે છે. મોટાભાગના મૃત્યુ આવા લોકોના તો નથી રહ્યા ને ? શું સરકારી તંત્ર કે દરેક શહેરમાં મ્યુનિસિપાલિટી તંત્ર દરેક શાકમાર્કેટમાં ચીજ વસ્તુઓના ભાવ નિયંત્રિત કે ફિક્સ ના કરી શકે ? હા, ખેડુતોને ધ્યાનમાં રાખીને, શાકભાજી વેપારીઓના નફાને પણ ધ્યાનમાં રાખીને દરેક ફળ ફ્રૂટ્સના ભાવ નિશ્ચિત થવા જોઈએ. જેથી દરેક વર્ગના લોકો દર્દીઓને દવાની સાથે વિટામીનયૂક્ત ફળ ફ્રૂટ્સ આપીને સાજા કરી શકે.

આજે મોટાભાગના વેપારીઓ પણ કોરોનાનો લાભ લઈ રહ્યા છે. દરેક વસ્તુ ઉપર કોરોના ટેક્સ જાણે કે લાગી ગયો છે. જે વેપારીઓને શરૂઆતના ચાર છ મહિના લોકડાઉનની ખોટ ગઈ છે તે ખોટ તેઓ ભાવવધારો કરીને પુરી કરી રહ્યા છે. દર મહિને આવતા પેકિંગમાં પાંચ દસ રૂપિયાનો ભાવ વધારો હોય જ છે. અને દરેક શહેરમાં લોકો પાંચ દસ રૂપિયા માટે કે આવા વિષય ઉપર કોઈ બોલતું કે લખતું નથી. તેથી વેપારીઓ પણ મન ફાવે એટલો ભાવ લઈને ગરીબોને વધુ ગરીબ બનાવી રહ્યા છે.

મિત્રો, આ કોરોનાનો કપરો કાળ છે. અનેક સેવાભાવી સંસ્થાઓ, વ્યક્તિઓ, ધાર્મિક મંદિરો, સંસ્થાનો, સંપ્રદાયો ગરીબોની મદદ કરી રહ્યા છે. કોરોનાના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપી રહ્યા છે. ત્યારે આ શાકભાજીના, ફળ ફ્રૂટ્સના, કરિયાનાના વેપારીઓ વસ્તુના મૂળ ભાવ ઉપર મન ફાવે તેટલો નફો ચડાવીને ગરીબોની કમર તોડી રહ્યા છે. એમની હાય લઈ રહ્યા છે તો કોરોના પણ ક્યાંથી જાય ? આ સમય લોકોને મદદ કરવાનો છે. લૂંટવાનો નથી. તમે સમાજ અને સરકાર બન્નેને જરૂર છેતરો છે. પણ એનાથી યે ઉપર પણ એક અદશ્ય સરકાર બેઠી છે. જે દરેકને દરેકના કર્મ મુજબ સજા આપે છે. એક વાત સત્ય છે કે નીતિ મુજબનો પૈસો કમાયેલો હશે તે જ પૈસો ઘરમાં પરિવારને ઉપયોગી બનશે અન્યથા કોરોના જેવી કોઈ મોટી બીમારી કે અકસ્માતોમાં કે કૉર્ટ કચેરીના કામમાં આવા રૂપિયા ખર્ચાતા હોય છે. વેપારના ધારા ધોરણો સાચવીને, યોગ્ય નફો લઈને વેપાર થાય છે ત્યા સુધી કંઈ વાંધો નથી નથી આવતો. પણ જ્યારે પ્રકૃતિના આ નીતિ નિયમો તૂટે છે, સમાજમાં ચારેતરફ અવ્યવસ્થા ફેલાય છે. મોંઘવારી એની મર્યાદા ચૂકે છે. ત્યારે ત્યારે આવી મહામારી, ભૂકંપ કે સૂનામી જેવી કુદરતી આફતો આવે જ છે. અથવા પ્રકૃત્તિ વ્યક્તિગત પણ દરેકને દરેકના કર્મનું ફળ આ જન્મમાં જ આપે છે. જો આપણે કોઈની હાય લઈએ છીએ તો એ હાયની પીડા આપણે કોઈપણ રીતે ભોગવવી જ પડે છે. ફર્ક એટલો છે કે આપણને પ્રકૃતિની આ સિસ્ટમ સમજાતી નથી. સરકારી કાયદામાંથી તો છટકી શકાશે પણ કુદરતી કાયદામાંથી આજ સુધી કોઈ છટકી શક્યું નથી. તેથી આ કોરોનાનો કાલ છે. સૌને માટે ઘાતક છે. તમામ લોકોને આર્થિક તકલીફમાં મૂકી દીધા છે. નોકરીયાત કે વેપારી વર્ગ તો એકાદ બે વર્ષ નહી કમાય તો ઘર બેસીને પણ પરિવાર ચલાવી શકશે પરંતુ જેઓ રોજે રોજનું કમાય છે. સાવ પ્રાઈવેટમાં નોકરી કરે છે. જેઓની નોકરી ચાલી ગઈ છે. નાના મોટા બધા ધંધા બંધ છે. પરિવાર ચલાવવા માટે આવકનું કોઈ માધ્યમ નથી રહ્યું. અને જો તેમના ઘરમાં કોઈને કોરોના આવ્યો તો તેઓ બસો રૂપિયાની કિલો મોસંબી/નારંગી કયાંથી લઈ શકશે ? તેમને ઓક્સિજનની જરૂર પડી તો હોસ્પિટલોમાં કોણ જગ્યા આપશે ? અત્યારે આવા વર્ગનું વિચારવાની જરૂર છે. જો વેપારીઓ નથી સમજતા તો સરકારે કે મ્યુનિસિપાલિટીએ આ બાબતે કંઈક નક્કર નિયંત્રણો લાવવાની જરૂર છે.

- 9426060601.india@gmail.com

# હોંસલા બનાયે રખ્ખે!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

'પાંચમ ની છઠ નથી થવાની....'' કે '..મોત કાલે આવતું હોય તો આજે આવે..'' ની ગુલ્બાંગો ફેંકનારાઓ કેટલાયે અત્યારે ઑક્સીજન અને ઈંજેક્સન માટે દર દર અને હોસ્પિટલ હોસ્પિટલ ભટકી રહ્યા છે. ટીવી - ન્યૂઝપેપરમાં આવતા સમાચારો - ફોટાઓ - સ્ટોરીઓ એ કહેવા અને સમજવા માટે પૂરતી છે કે દેશ અને સમગ્ર માનવજાત કોરોનારૂપી એવા જડબેસલાક બાહુપાશમાં બંધાઈ ચૂકી છે કે દિવસે ને દિવસે આપણાં હાથ અને હથિયારો હેઠા પડી રહ્યા છે. રોજે રોજ મારા ને તમારા કુટુંબીજનો - દોસ્તો - ઓળખીતાઓના અમંગળ સમાચારો આવી રહ્યા છે. અમંગળ સમાચારોને છુપાવવા કે એની મન પર અસર ઓછી થાય એના માટે આપણે સાજા થયેલા કુટુંબીજન - દોસ્ત - ઓળખીતાની વાતો વધુ કરતાં થઈ ગયા છીએ, અને એ જ સમયનો તકાજો પણ છે કેમકે આભ ફાટે ત્યાં કોને થીગડું આપવું એના જેમ કોણ કોને સાંત્વના આપે એવા દ્રશ્યો ઠેરઠેર દેખાઈ રહ્યા છે એવામાં જો કોઈ રે ઓફ હોપ્પ કે આશાનું કિરણ હોય તો એ છે સિક્કાની બીજી બાજુ પણ જોવું અને સિક્કાની એક બાજુ જો નિરાશા છે તો બીજી બાજુ આશા પણ છે જ. સોશિયલ મીડિયા પર એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે કે જેમ આજે કેટલા કેસ નવા આવ્યા એ નહીં પણ કેટલા લોકો કોરોનાને મ્હાત આપીને સાજા થયા એના આંકડા હોય છે. આજે કેટલા લોકોએ રસી મુકાવી એના આંકડા હોય છે. આ ટ્રેન્ડ ખરેખર સરસ છે અને આ ચાલુ રહેવો જોઈએ. આ જ તો છે આવી મહામારીનો મુકાબલો કરવાનું શસ્ત્ર. નેગેટિવ બનવા માટે બી પોઝિટિવ...!

પેંડેમિક બોલે તો મહામારીની આ જ તો કરુણતા છે કે આપણાં સઘળા પ્ર્યતનો ઓછા પડે. સી , કોઈને દોષ દેવો બહુ સહેલો છે પણ એ પહેલા આવી વિકરાળ મહામારીની કલ્પના જ ના કરી હોય અને એ આવી ચડે ત્યારે એક સાંધો ત્યાં તેર તૂટે એવી સ્થિતિ થાય થાય ને થાય જ. અને આવી સ્થિતિ કાઈ એકલા ભારતમાં જ થોડી થઈ છે , દુનિયાભરમાં મહામારીનો કહેર યથાવત છે. હા કોઈ જગ્યાએ કદાચ આટલું પેનિક ના દેખાતું હોય કે પછી જાહેરમાં ના આવતું હોય એવું બને પણ ૧૩૦ કરોડના દેશમાં તો એવું શક્ય નથી જ ભાઈ. ખેર વાત કોઈની ભૂલ તરફ આંગળી ચીંધવા કરતાં આ મુશ્કેલ સમયમાં સ્થિર રહેવાની વધુ કરવી છે. નો ડાઉટ આપણે જાણીએ છીએ કે સ્વજનને ગુમાવનારને કોઈ આવી સાંત્વના કામ લાગવાની નથી જ પણ છતાયે સમય જ એવો છે કે જેટલા આપણે જાતને – ભાવનાઓને-લાગણીઓને કંટ્રોલ વધુ કરી શકીશું એટલું બની શકે કે માઠા પરિણામની ઓછી અસર પણ થાય.

સરકારની ઉડીને આંખે વળગે એવી ઘણી ગંભીર ભૂલો આ મહામારીના વિકરાળ સ્વરૂપ માટે ચોક્કસ્પણે જવાબદાર છે અને એવું લાગી પણ રહ્યું છે કે દેર આયે દુરસ્ત આયે ની જેમ સરકાર પણ એ ભૂલોમાથી શિખીને આગળ વધી રહી છે અને મહામારીને નાથવાના પ્ર્યત્નો કરી રહી છે એવામાં જો કોઈ વાત એનાથી પણ વધુ નોંધનીય હોય તો એ છે લોકોની સ્વ્યંભુ મદદ કરવાની ભાવના. સોશિયલ મીડિયા હોય કે એક્ચ્યુલ વર્લ્ડ બધેથી મદદની ટહેલ આવતી રહે છે. ઓલમોસ્ટ અછૂત કહી શકાય એવી આ મહામારી હોવા છતા પણ અને ચેપ જેવા જોખમને અવગણીને પણ લોકો એકબીજાને મદદ કરી રહ્યા છે , નિસ્વાર્થ મદદ કરી રહ્યા છે....અજાણ્યાઓને મદદ કરી રહ્યા છે. કોરોનાની પહેલી લહેરમાં ભોજન કે યાત્રા જેવા પ્રબંધો માટે લોકો એકબીજાને મદદ કરી રહ્યા હતા પણ બીજી લહેરમાં કામ જરા વધુ ગંભીર છે.

કોરોનાના અનેકગણા દર્દીઓ અચાનક આવવા માંડતા જ સૌથી પહેલા તો જેને અસર થાય એ મેડિકલ સિસ્ટમ ઓલમોસ્ટ કોલેપ્સ થઈ ચૂકી છે , અને એ સ્વાભાવિક પણ છે. એક વર્ષથી સતત લોકોની સેવામાં રત મેડિકલ સ્ટાફ અને સુરક્ષાકર્મીઓને માંડ થોડોક પોરો ખાવા મળેલો ત્યાં બીજી લહેર પહેલી લહેર કરતાં પણ વધુ ઘાતક બનીને ફરી વળી છે. જ્યારે કોરોનાનો કહેર ઘટવા માંડેલો ત્યારે પણ વૈજ્ઞાનિકોએ કહેલું જ કે બીજી લહેર આવશે પણ સરકાર સૂતી રહી અને બીજી લહેરને નાથવાની જડબેસલાક તૈયારીઓ કરવાને બદલે ચૂંટણી-ચૂંટણી રમતી રહી. આ ચૂંટણીની રમતનો ભોગ હવે જનતા બની રહી છે. ખેર આપણે વધુ પોલિટિકલ નથી બનવું અને સરકારની પણ અમુક મર્યાદાઓ હોય છે એટ્લે એની વધારે ખોદણી કરવાનું માંડી વાળીને એક વાતની રજૂઆત કરવી જ પડે કે આવા કપરા સંજોગોમાં પણ લોકોએ લોકોને સાથ આપવાનું છોડી નથી દીધું. ઑક્સીજન સિલીંડ્ર્સ હોય કે પછી હોસ્પિટલ બેડ હોય કે પછી એમ્બ્યુલન્સ હોય કે પછી શબવાહિની. દવા હોય કે પછી દુઆ હોય કે પછી ભોજન હોય ' સાથી હાથ બઢાના ' ની જેમ સ્વ્યંભુ જનાંદોલન ચાલી રહ્યું છે જે પ્રશંસનીય છે.

કોરોનાનો આ નવો સ્ટ્રેન ખતરનાક છે. આ નવો સ્ટ્રેન બચવાનો બહુ વધારે મોકો નથી આપતો. રોજ રોજ મળતા સમાચારોમાં આ જ વાત હોય છે કે બે થી પાંચ દિવસમાં તો માણસ કોરોનાનો કાળ બની જાય છે. ડોકટરો પણ મુંજાયા છે અને સંશોધકો પણ. અગાળ આપણે વાત કરી એમ વેક્સિન જ અમોધ શસ્ત્ર છે પણ એમાયે ખાટલે મોટી ખોટ એ જ છે વેક્સિનેશનની ગાડી જોઈએ એટલી ઝડપમાં દોડી નથી રહી. અરે દેશના ઘણા બધા ભાગોમાં તો લોકો વેક્સિનને દૈત્ય સમજે છે અને લેવાની ના જ પાડે છે. સરકારી તંત્ર પોતાની રીતે બનતું બધુ જ કરી રહી છે પણ વેક્સિનેશનનું આ ગાડું સ્પીડ પકડે એને વાર તો લાગશે જ અને જ્યાં સુધી દેશના અમુક ટકા લોકો વેક્સિન લઈ ના લે ત્યાં સુધી આ મહામારી એનો કહેર વરતાવતી રહેવાની એવું દેશના ટોચના વૈજ્ઞાનિકો અને ડોક્ટરો વારંવાર કહી રહ્યા છે. હીમતની સાથે સાથે જો થઈ શકે તો એ કરવા જેવુ છે કે તમારી આસપાસ કોઈ વેક્સિન લેવાની ના પાડતું હોય તો એને સમજાવીને વેક્સિન અપાવડાવો , આ પણ આ મહામારીને નાથવાનું એક પગલું જ છે.

કોરોનાના બીજા સ્ટ્રેને જે રીતે પંજો ફેલાવ્યો છે એને લીધે આસપાસ અને લત્તા મહોલ્લામાં લગભગ બધે જ કેસિસ છે એવામાં જે લોકો સંક્રર્મિત નથી થયા એ ભયંકર માનસિક તણાવ નીચે જીવે છે. આ તણાવ અને કોરોનાની બીકે ઈન્સાનને સંઘરાખોર બનાવી દીધો છે. ઈંજેક્સન , દવા તો ઠીક પણ ઘણા ઓછા બીમાર તો બેડ પર પણ કબ્જો જમાવી બેઠા છે. મારા પરિવારનું શું થશે ? થી લઈને મને સારવાર મળશે કે નહીં ? આવી મનોદશામાં આમ નાગરિક જીવતો થઈ ગ્યો છે. નો ડાઉટ ઈન્સાનિ મૂર્ખાઈમાં ઘણી જિંદગીઓ હોમાઈ પણ ચૂકી છે પણ સમય આગળ જોવાનો છે. હોસ્પિટલોની બહાર થપ્પો થઈને ઊભેલી એમ્બ્યુલન્સમાં ઑક્સીજન લેતો દર્દી આશાવંત છે એના વારા ની. હોમ આઈસોલેશનમાં સારવાર લઈને સાજા થતાં લોકોનો આંકડો વધતો જાય છે. દિવસ રાત જોયા વગર લોકોની મદદ કરતાં લાખો હાથો દિવસે ને દિવસે વધતાં જાય છે અને ઈશ્વર આગળ આપણે લાચાર છીએ એ જાણવા છ્તા પણ આવા લાખો હાથો દર્દીના છેલ્લા શ્વાસ સુધી પોતાનું કર્તવ્ય નિભાવે છે. આવી કપરી સ્થિતિમાં એક જ વસ્તુ છે જે આપણે કરી શકીએ એમ છીએ અને એ છે આપણી હીમત અને ઉપરવાળા પરના ભરોષાને તૂટવા ના દઈએ. ડોક્ટરોથી લઈને સ્વ્યંભુ સેવા કરતાં લાખો લોકો તત્પર છે કોઈને બચાવવા , બસ જરૂર હોય તો ફક્ત એક જ છે કે એ લોકોની મહેનત અને સમર્પણ સામે આપણે ખુદને ટકાવી રાખીએ. દરેક વસ્તુનો એક અંત હોય છે એમ આનો પણ એક અંત આવશે જ , બસ ત્યાં સુધી હોંસલા બનાયે રકખે....હિંમત ટકાવી રાખજો.